OPEN NOW

LET'S START

THANK YOU FOR SUPPORT

VISIT NOW : WWW.SJVGGRUH.ORG

NEWS LETTER

ALL EVENT

STUDENT IMPROVEMENT

SJVG NEWS LETTER

SHREE SAVARKUNDLA JAIN VIDHYARTHI GRUH

JANUARY 2020

WWW.SJVGGRUH.ORG

આનંદની અનુભૂતી

પ્રતિ

પ્રમુખશ્રી તથા ટ્રસ્ટીમંડળ,

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ.

જય જીનેન્દ્ર,

આ સાથે જણાવવાનું કે હુ માલવણીયા જૈનમ અને મારા સહાધ્યાયી મિત્રો આપણી સંસ્થાના કોમ્પ્યુટર શિક્ષક શ્રી જીગ્નેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ જાન્યુઆરી માસનો અહેવાલ આપની સમક્ષ રજુ કરતા ખુબ જ આનંદ ની લાગણી અનુભવીએ છીએ.

અભ્યાસ કાર્ય

આપણા દરેક વિદ્યાર્થી ઓ નું અભ્યાસ કાર્ય ખુબ જ સરસ રીતે ચાલી રહ્યું છે.દરેક વિદ્યાર્થીઓ નિયમિત રીતે શાળા તેમજ ટ્યુશનવર્ગમાં હાજર રહી સારી રીતે અભ્યાસ કરે છે.

માધ્યમિક વિભાગ માં અભ્યાસ કરતા ધોરણ - ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ની નવમાસિક પરીક્ષા તારીખ ૨૭મી જાન્યુઆરીથી શરુ ગઈ થઈ છે, દરેક વિદ્યાર્થી ઓ ગંભીરતાપૂર્વક અભ્યાસ કરી સારા ગુણાંક પ્રાપ્ત થાય તે માટે સખત મહેનત કરી રહ્યા છે.પરીક્ષા પૂર્ણ થયા બાદ ધોરણ-૧૦ અને ૧૨નાં વિદ્યાર્થીને વાર્ષિક પરીક્ષાની તૈયારી માટે વાંચનની રજા પડશે.

પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઓ ની પણ પરીક્ષા માટે સરસ તૈયારી ચાલી છે.

યોગ શિબિર

આપણે ત્યાં ભણતર ની સાથે સાથે વિદ્યાર્થી ઓ નું સ્વાસ્થ્ય સારું રહે તે માટે રોજ સવારે વ્યાયામ શિક્ષક શ્રી જયસુખભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ વ્યાયામ વર્ગ ચાલવા માં આવે છે.

દસ દિવસ ની યોગશિબિર બાદ તારીખ ૨૬મી જાન્યુઆરી એ યોગ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યુ હતુ અને દરેક વિદ્યાર્થી ઓ એ ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો .

યોગ સ્પર્ધા મા નીચે મુજબ ના વિદ્યાર્થી સ્પર્ધકો વિજેતા બન્યા હતા

	સ્થાન	વિદ્યાર્થીનું નામ	ધોરણ
વિભાગ – A			
મહાવીર સ્વામી ગ્રુપ	પ્રથમ	શાહ જતિન ચેતનભાઈ	૬
	દ્વિતીય	ધંધુકીયાયશ વિજયભાઈ	૬
વિભાગ - B			
જયજીનેન્દ્ર ગ્રુપ	પ્રથમ	ભાવસાર કુંજલ જીગ્નેશભાઈ	૮
	દ્વિતીય	સંઘવી કશ્યપ મેહુલભાઈ	૮

દરેક સ્પર્ધકને વિદ્યાર્થીને ખુબ ખુબ અભિનંદન,તેમજ વિજેતા સ્પર્ધક વિદ્યાર્થી ઓ ને સંસ્થા દ્વારા ઈનામ તેમજ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

ઈ - લર્નિંગ

આપણા દરેક વિદ્યાર્થી ઓ પ્રગતિશીલ વિચારસરણી અપનાવી ૨૧મી સદી સાથે કદમ થી કદમ મિલાવી ચાલી શકે એ હેતુ થી તેમને યુ-ટ્યુબ પર મોટીવેશનલ વીડિઓ બતાવવામા આવે છે, જેથી વિદ્યાર્થી અભ્યાસને લગતી માહિતી તેમજ નવી ટેકનોલોજીની માહિતીથી માહિતગાર થઇ શકે.

આ સિવાય કમ્પ્યુટર અભ્યાસને લગતા E-Lab વિભાગમાં વિદ્યાર્થીઓ ઈ - લર્નિંગ દ્વારા વિવિધ પુસ્તકો નુ વાંચન કરે છે.

સંગીતમાં રસ રૂચી

વિદ્યાર્થીઓ માં સર્વાંગી વિકાસ અને કળા ઓ મા રુચિ જાગે એ માટે આપણી સંસ્થા દ્વારા સંગીત ક્લાસ પણ ચલાવવા મા આવે છે.

જેમાં હાલમા ૩ વિદ્યાર્થીઓ સંગીત ની તાલીમ લઈ રહ્યા છે.

ત્રણેય વિદ્યાર્થી ઓ લય અને સુર સાથે નવકાર મંત્ર,રાષ્ટ્રગીત અને પ્રાર્થના વગાડી શકે છે

- શાહ સાહિલ – હાર્મોનિયમ
- સંઘવી કશ્યપ - તબલાવાદક
- શાહ દક્ષ - હાર્મોનિયમ

શુદ્ધ અને પૌષ્ટિક ભોજન

આપણી સંસ્થા માં દરેક વિદ્યાર્થી ઓ ના સ્વાસ્થ્ય ને ધ્યાન માં રાખી ને શુદ્ધ અને સાત્વિક ભોજન જ પીરસવામાં આવે છે.

અહીંયા દરેક ફરસાણ બહેનો દ્વારા કાળ નો ખ્યાલ રાખી સંસ્થા માં જ બનાવવામાં આવે છે આ સિવાય દરેક મસાલા પણ બહેનો દ્વારા જાતે જ પીસવામાં આવે છે અને ઘી અને તેલ પણ શુદ્ધ જ વાપરવામાં આવે છે.

આ સિવાય બાળકો ના સ્વાસ્થ્ય માટે તેમને દરેક ઋતુ પ્રમાણે ફળ અને યોગ્ય આહાર આપવામાં આવે છે.

ઉપપ્રમુખની મુલાકાત

ગત તારીખ ૦૭-૦૧-૨૦૨૦ના રોજ મુંબઈ વ્યવસ્થાપક સમિતિ ના ઉપપ્રમુખ શ્રી નીલેશભાઈ ગાંધીએ સંસ્થાની મુલાકાત લીધી હતી.

જેમાં તેમણે વિદ્યાર્થીના અભ્યાસ કાર્ય , ટ્યુશન શિક્ષક, વિદ્યાર્થી ગૃહ ની સામાન્ય વ્યવસ્થા અને સફાઈ કામ અંગે ભોજન અને વિદ્યાર્થીના આરોગ્ય અંગે જીતુભાઈ તેમજ રમેશભાઈ સાથે ચર્ચા કરી જરૂરી સલાહ સુચન આપ્યા હતા .

ઉત્સવની ઉજવણી

ગત તા.૧૪-૦૧-૨૦૨૦ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા ઉતરાયણના ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓએ સંગીત સાથે પતંગ ની મોજ લીધી હતી.

આપણી સંસ્થા તેમજ એકાઉન્ટના ટ્યુશન સર કમલેશભાઈ ચુડાસમા દ્વારા વિદ્યાર્થીને પતંગ તેમજ દોરી ભેટ રૂપી આપીને તેમના ઉત્સાહ મા વધારો કરવામા આવ્યો હતો.

રમત-ગમત સ્પર્ધા

પ્રજાસત્તાક દિન નિમિતે ધોરણ – ૫ થી ૮નાં ૧૪ વિદ્યાર્થીઓ માટે રમત-ગમત નુ આયોજન કરવામાં આવ્યુ હતુ તેમાં ૧૦૦મી.દોડ, લીંબુ ચમચી અને સંગીત ખુરશી જેવી સ્પર્ધાઓ ગોઠવવામાં આવી હતી દરેક વિદ્યાર્થીએ ખુબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો

જેમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીની યાદી નીચે મુજબ છે.

સ્પર્ધકોની યાદી

વિભાગ	રમત	સ્થાન	વિદ્યાર્થીનું નામ	ધોરણ
મહાવીર સ્વામી ગ્રુપ	૧૦૦મી દોડ	પ્રથમ	સંઘરાજકા ધ્રુમિલ યોગેશભાઈ	૬
મહાવીર સ્વામી ગ્રુપ	૧૦૦મી દોડ	દ્વિતીય	શાહ આદિત્ય યોગેશભાઈ	૬
મહાવીર સ્વામી ગ્રુપ	લીંબુ ચમચી	પ્રથમ	શાહ દક્ષ કૃણાલભાઈ	૫
મહાવીર સ્વામી ગ્રુપ	લીંબુ ચમચી	દ્વિતીય	શાહ આદિત્ય યોગેશભાઈ	૬
મહાવીર સ્વામી ગ્રુપ	સંગીત ખુરશી	પ્રથમ	ભાવસાર હર્ષિલ સુનીલભાઈ	૫
મહાવીર સ્વામી ગ્રુપ	સંગીત ખુરશી	દ્વિતીય	શાહ જતીન ચેતનભાઈ	૬

ઉપરોક્ત દરેક સ્પર્ધકને તેમજ સ્થાન પ્રાપ્ત કરનાર ખેલાડીને ખુબ ખુબ અભિનંદન તેમજ સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને સંસ્થા તરફથી ઈનામ તેમજ પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

વિભાગ	રમત	સ્થાન	વિદ્યાર્થીનું નામ	ધોરણ
જય જીનેન્દ્ર ગ્રુપ	૧૦૦મી દોડ	પ્રથમ	શાહ નમ્ર ભાવેશભાઈ	૮
જય જીનેન્દ્ર ગ્રુપ	૧૦૦મી દોડ	દ્વિતીય	શાહ સાહિલ કૃણાલભાઈ	૮
જય જીનેન્દ્ર ગ્રુપ	લીંબુ ચમચી	પ્રથમ	શાહ નમ્ર ભાવેશભાઈ	૮
જય જીનેન્દ્ર ગ્રુપ	લીંબુ ચમચી	દ્વિતીય	શાહ શુભમ ચેતનભાઈ	૭
જય જીનેન્દ્ર ગ્રુપ	સંગીત ખુરશી	પ્રથમ	ભાવસાર કુંજલ જીગ્નેશભાઈ	૮
જય જીનેન્દ્ર ગ્રુપ	સંગીત ખુરશી	દ્વિતીય	સંઘવી કશ્યપ મેહુલભાઈ	૮

આરોગ્ય વિષેનું માર્ગદર્શન

તારીખ ૨૬મી જાન્યુઆરીએ લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિરનાં ટ્રસ્ટી,આપણી સંસ્થાના શુભ ચિંતક જયકાંતભાઈ સંઘવી અને આયુર્વેદાચાર્ય અમૃતકાકા પટેલ આપણી સંસ્થા ની મુલાકાત માટે આવ્યા હતા.

તેમણે વિદ્યાર્થીની આરોગ્ય વિષેની ફરિયાદ સાંભળી અને તેનો યોગ્ય ઉપચાર જણાવી,વિદ્યાર્થીને શુદ્ધ આહાર વિહાર અને સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપ્યુ હતુ.

સ્ટોપ પ્રેસ



સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ ના ભૂતપૂર્વ ગૃહપતિ અને કેળવણીકારશ્રી નંદલાલભાઈ હરીયાણી નુ તારીખ ૦૭-૦૨-૨૦૨૦ ના રોજ અવસાન થયુ છે.

આપણા ગુરુ,માર્ગદર્શનકાર અને સહૃદયી એવા શ્રી નંદલાલભાઈ ના અકાળ અવસાનથી સર્વત્ર શોકની લાગણી પથરાઈ છે. તેમની ખોટ આપણા જીવનમાં ક્યારેય પણ પુરી નહિ પડે.

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ માટે તેઓ એક વિશેષ લાગણી ધરાવતા હતા અને સંસ્થા તથા તેમાં અભ્યાસ માટે આવેલ વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે તેઓ સદાય જાગ્રત અને ઉત્સાહિત રહેતા હતા. તેમણે વિદ્યાર્થી ગૃહ માં ૪૮ વર્ષ સુધી નિરંતર નિસ્વાર્થ ભાવે સેવા આપી છે. તેઓ તમામ વિદ્યાર્થીઓ માટે હમેશા પિતાતુલ્ય રહ્યા છે. દરેક વિદ્યાર્થી એક ઉચ્ચ શ્રાવક અને સારો નાગરિક બને એ માટે દરેક વિદ્યાર્થી ઓ ના જીવન મા તેમને ખુબ જ મહત્વ ની ભૂમિકા બજાવી છે તેઓ સાવરકુંડલાની અગ્રણી શિક્ષણ સંસ્થા નૂતન કેળવણી મંડળ ના સેક્રેટરી પણ હતા અને એક સાચા ગાંધીવાદ પ્રેમી અને તેનું અનુસરણ કરનારા હતા. આથી સંસ્થાને ખુબ જ મોટી ખોટ પડી છે.

શુભચિંતકોની શુભેચ્છા



ગત ડીસેમ્બર માસના ન્યુઝલેટર બાબતે વાલીમિત્રો,ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રો તેમજ સંસ્થાના શુભચિંતકોના શુભેચ્છા સંદેશથી અમો ખુબ ખુશ છીએ.

શુભેચ્છા સંદેશ પાઠવનાર યોગેશભાઈ સંઘરાજકા, સુનીલભાઈ ભાવસાર,યોગેશભાઈ શાહ ,જીગ્નેશભાઈ ખેતાણી, રાજેશભાઈ પટેલ,બાબુભાઈ ટોલિયા,પરેશભાઈ શાહ,અતુલભાઈ શાહ, કેતનભાઈ દોશી,શ્રેયાશભાઈ સોમાણી,અશ્વિનભાઈ ગાંધી, ધ્રુતીબેન મહેતા,હિરેનભાઈ સંઘવી,વિનોદભાઈ વાસા, નરપતભાઈ, હર્ષદભાઈ શાહ વગેરે નો આ તકે ખુબ ખુબ આભાર ....

આભાર